# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.

*****************************************************

1) રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ભાવનગર રેલવે સ્ટેશનથી ભાવનગર-અયોધ્યા કેન્ટ સાપ્તાહિક ટ્રેનને લીલી ઝંડી આપી
2) ચૂંટણી પંચે બે મતદાર ઓળખપત્ર રાખવાના વિવાદમાં રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવને વિગતો રજૂ કરવા જણાવ્યું
3) ઉત્તરપ્રદેશમાં, ગોંડામાં થયેલા એક માર્ગ અકસ્માતમાં 11 લોકોના મોત અને ચાર ઇજાગ્રસ્ત
4) ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનેન્ડ આર. માર્કોસ જુનિયર આવતીકાલે ભારતની પાંચ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચશે
5) ભારતે આપેલા 374 રનના લક્ષ્યાંક સામે છેલ્લા મળતા અહેવાલ પ્રમાણે ઇંગ્લેન્ડે 3 વિકેટે 267 રન કર્યા

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# ASHWINI VAISHNAV BHAVNAGAR

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે ભાવનગર રેલવે સ્ટેશનથી ભાવનગર-અયોધ્યા કેન્ટ સાપ્તાહિક ટ્રેનને લીલી ઝંડી આપી. શ્રી વૈષ્ણવે વર્ચ્યુઅલ માધ્યમથી રેવાથી પુણે અને જબલપુરથી રાયપુર જતી બે અન્ય ટ્રેનોને પણ લીલી ઝંડી આપી. આ પ્રસંગે તેમણે કહ્યું કે છેલ્લા ૧૧ વર્ષમાં ભારતીય રેલવેમાં નોંધપાત્ર ફેરફારો થયા છે.

(બાઈટ-અશ્વિની વૈષ્ણવ ૨૮ સે.)

રેલ્વે મંત્રીએ વધુમાં કહ્યું કે દેશમાં એક હજાર ત્રણસો રેલ્વે સ્ટેશનોનો પુનર્વિકાસ એ વિશ્વનો સૌથી મોટો સ્ટેશન પુનર્વિકાસ પ્રોજેક્ટ છે. આ પ્રસંગે શ્રી વૈષ્ણવે ગુજરાત માટે અનેક જાહેરાતો પણ કરી. આ અંગે વધુ માહિતી આપે છે,, અમારા સંવાદદાતા .....

(વોઇસકાસ્ટ- અપર્ણા ખૂંટ)

આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું હતું કે રાજકોટ, પોરબંદર અને જુનાગઢ જિલ્લામાં ઉભી થનાર આ સુવિધાથી આ વિસ્તારનાં લોકોનુ જીવન વધુ સરળ બનશે. ભાવનગરથી અયોધ્યાની ટ્રેન શરૂ થતાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ તેને ઐતિહાસિક ક્ષણ ગણાવી હતી.  ત્યારબાદ, શ્રી વૈષ્ણવે નવાગામમાં APPL કન્ટેનર યાર્ડની મુલાકાત લીધી અને કામનું નિરિક્ષણ કર્યું.

. . . . . . . . . .

# Bihar Tejaswi controversy

ચૂંટણી પંચે બે મતદાર ઓળખપત્ર રાખવાના વિવાદમાં ફસાયેલા રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવને તપાસ માટે વિગતો રજૂ કરવા જણાવ્યું છે. બિહારના દિઘા વિધાનસભા મતવિસ્તારના ચૂંટણી નોંધણી અધિકારીએ જણાવ્યું છે કે ગઈકાલે યાદવે એક પત્રકાર પરિષદમાં જે મતદાર ઓળખપત્ર બતાવ્યું હતું તે ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવ્યું ન હતું. તેજસ્વી યાદવનું નામ દિઘા વિધાનસભા મતવિસ્તારની મતદાર યાદીમાં નોંધાયેલું છે.

મતદાર ફોટો ઓળખપત્રનો નંબર બતાવતા, શ્રી યાદવે આરોપ લગાવ્યો હતો કે તેમનું નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યું છે. જોકે, પટણા જિલ્લા ચૂંટણી અધિકારી ડૉ. ત્યાગરાજને આ દાવાને નકારી કાઢ્યો.

ચૂંટણી પંચે વિધાનસભામાં વિપક્ષના નેતાને પત્ર લખીને જરૂરી તપાસ માટે મૂળ મતદાર ઓળખપત્ર અને તેની વિગતો રજૂ કરવા વિનંતી કરી છે.

..........

## BJP-Tejashvi

ભારતીય જનતા પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવે બે મતદાર ઓળખ કાર્ડ રાખીને ગુનો કર્યો છે. પાર્ટીએ કહ્યું છે કે તેજસ્વી યાદવે પત્રકાર પરિષદમાં જે ચૂંટણી ઓળખ કાર્ડનો ઉલ્લેખ કર્યો છે તે તેમના સત્તાવાર મતદાર ઓળખ કાર્ડથી અલગ છે. પાર્ટીના પ્રવક્તા સંબિત પાત્રાએ આજે નવી દિલ્હીમાં પત્રકારો સાથે

વાત કરતા પ્રશ્ન ઉઠાવ્યો હતો કે શું શ્રી યાદવે ચૂંટણી પંચ સમક્ષ ખોટા તથ્યો રજૂ કર્યા છે.

(BYTE – SAMBIT PATRA)

ભાજપના પ્રવક્તાએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને તેમના સાથી તેજસ્વી યાદવ પર ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થાઓને નબળી પાડવા અને અપમાનિત કરવા માટે જૂઠાણાનો આશરો લેવાનો આરોપ લગાવ્યો.

.........

# President – PM Modi MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ આજે સાંજે રાષ્ટ્રપતિને મળ્યા.

.........

# PM-Kandla Port

દીનદયાળ પોર્ટ ઓથોરિટીએ કંડલા પોર્ટ એરિયા ખાતે ભારતનો પ્રથમ મેક-ઇન-ઇન્ડિયા ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટ શરૂ કર્યો છે. પોર્ટ ઓથોરિટીએ કહ્યું કે આ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેટ-ઝીરો વિઝન તરફ એક મજબૂત પગલું છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે આ એક પ્રશંસનીય પ્રયાસ છે, જે ટકાઉપણાને પ્રોત્સાહન આપે છે અને નેટ-ઝીરો વિઝનને સશક્ત બનાવે છે.

.........

# Prime Minister - Uttar Pradesh Accident

ઉત્તરપ્રદેશમાં, આજે સવારે ગોંડામાં થયેલા એક માર્ગ અકસ્માતમાં 11 લોકોના મોત અને ચાર ઇજાગ્રસ્ત થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, પૃથ્વીનાથ મંદિર જઈ રહેલું 15 લોકોથી ભરેલું એક વાહન સરયુ નહેર પુલ પાસે કાબુ ગુમાવીને નહેરમાં પડી ગયું હતું. પોલીસે માહિતી આપી હતી કે નહેરમાંથી 11 મૃતદેહ મળી આવ્યા છે. ચાર લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અકસ્માતમાં થયેલા જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે દરેક મૃતકના પરિવારને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી 2 લાખ રૂપિયાની સહાય અને ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયા આપવામાં આવશે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે અને મૃતકોના પરિવારજનો માટે પાંચ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

. . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# ANDHRA--MIGRANT-KILLED

આંધ્રપ્રદેશમાં, બાપટલા જિલ્લાના બલ્લીકુરાવામાં ગ્રેનાઈટ ખાણમાં આજે થયેલી દુર્ઘટનામાં છ સ્થળાંતરિત કામદારોના મોત અને ત્રણ ઘાયલ થયા હતા. ખાણકામ દરમિયાન કામદારો પર એક મોટો ગ્રેનાઈટ ખડક પડ્યો હતો. ઘાયલોને નરસારાવપેટની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો, અને ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને તાત્કાલિક બચાવ અને તબીબી સંભાળ આપવાનો આદેશ આપ્યો હતો.

. . . . . . . . . .

# Philippines - President's visit

ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનેન્ડ આર. માર્કોસ જુનિયર આવતીકાલે ભારતની પાંચ દિવસની રાજકીય મુલાકાતે નવી દિલ્હી પહોંચશે. તેમની સાથે તેમના પત્ની અને ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હશે. ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિ તરીકે કાર્યભાર સંભાળ્યા પછી રાષ્ટ્રપતિ માર્કોસની આ પહેલી ભારત મુલાકાત હશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ માર્કોસ મંગળવારે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. રાષ્ટ્રપતિ માર્કોસ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળશે.

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર પણ આ મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ માર્કોસને મળશે.

રાષ્ટ્રપતિ માર્કોસની રાજકીય મુલાકાત ભારત-ફિલિપાઇન્સના રાજદ્વારી સંબંધોની 75મી વર્ષગાંઠ સાથે સુસંગત છે. આ મુલાકાત બંને દેશો માટે ભવિષ્યના દ્વિપક્ષીય સહયોગ માટેનો માર્ગ નક્કી કરવાની અને પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિશ્વાસ બનાવવાની તક છે.

.........

## CRICKET- IND-ENG TEST

લંડનના ઓવલ ખાતે રમાઈ રહેલી એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની પાંચમી અને અંતિમ ટેસ્ટના ચોથા દિવસે, યજમાન ઇંગ્લેન્ડે છેલ્લા મળેલા અહેવાલો પ્રમાણે બીજા દાવમાં 3 વિકેટે 267 રન બનાવ્યાં.

ઈંગ્લેન્ડને મેચ જીતવા માટે 374નો લક્ષ્યાંક મળ્યો જેમાં જો રૂટ 50 રન અને હેનરી બ્રુક 73 રન સાથે રમતમાં છે. ઈંગ્લેન્ડને મેચ જીતવા માટે 146 રનની જરૂર છે.

.........

## EVE KERALA-WEATHER

ભારતીય હવામાન વિભાગે અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, સિક્કિમ અને ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદની આગાહી

કરી છે. ગુજરાત, કેરળ અને ઉત્તરાખંડના ઘણા જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

. . . . . . . . .

## Fire in Russia

રશિયામાં કાળા સમુદ્રના રિસોર્ટ સોચી નજીક એક તેલ ડેપોમાં ભીષણ આગ લાગી છે. રશિયન અધિકારીઓએ જણાવ્યું હતું કે યુક્રેનિયન ડ્રોન હુમલાને કારણે આ આગ લાગી હતી. સોચી નજીકના વિમાનીમથકેથી ઉડાનો રોકી દેવામાં આવી છે. અગ્નિશામકો આગને કાબુમાં લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. અત્યાર સુધી કોઈ જાનહાનિ કે નુકસાનના કોઈ સમાચાર નથી.

દરમિયાન, રશિયન મિસાઇલોએ દક્ષિણ યુક્રેનિયન શહેર માયકોલાઈવમાં ઘરોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ હુમલાઓમાં સાત લોકો ઘાયલ થયા છે.

. . . . . . . . .

## Russia- Earthquake

આજે સવારે રશિયાના કુરિલ ટાપુ પર ૬.૮ ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ અનુભવાયો હતો. આ ભૂકંપને કારણે રશિયાના કામચટકા દ્વીપકલ્પના કેટલાક ભાગોમાં સુનામીની ચેતવણી આપવામાં આવી છે. વહીવટીતંત્રે કહ્યું છે કે સુનામીને કારણે સમુદ્રમાં ઊંચા મોજા ઉછળી શકે છે.

રશિયામાં એક અઠવાડિયામાં આ બીજો શક્તિશાળી ભૂકંપ છે. ૩૦ જુલાઈના રોજ આ પ્રદેશમાં ૮.૮ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

..........